પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇનસ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેક્સ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# -:: ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એકટ કલમ ૩૭(૪) અન્વયે કાઢેલ કરફયુ હુકમ.

**ક્રમાંક:એસ.બી./કોરોના વાયરસ/૧૦/૨૦૨૧**

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકાર, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક : જીજી/૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦ /૪૮૨ તા.૧૫/૦૧/૨૦૨૧ આધારે.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને ધ્યાને લેતા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૮/૧૨/૨૦૨૦ ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) થી કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫/૧૧/૨૦૨૦ ના હુકમની અવધિ તા. ૩૧/૦૧/૨૦૨૧ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે. આથી કન્ટેન્મેન્ટ ઝોનમાં તા. ૩૧/૦૧/૨૦૨૧ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે. તથા કન્ટેન્મેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

. ભારત સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ તેમજ ધી એપેડેમીક ડીસીઝ એકટ ૧૯૯૭ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી ( એન.ડી.એમ.એ) ધ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલમાં સુરત શહેરમાં તહેવારના સમય દરમ્યાન બજારોમાં ખૂબ જ ભીડ જોવા મળેલ તેમજ હરવા ફરવાની તથા ખાણી પીણીની જગ્યાઓ ઉપર ખૂબ જ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે. હાલમાં શિયાળાની ઋતુનો પ્રારંભ થયેલ છે. આ બધા કારણોસર કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુસર લોકોના સ્વાસ્થય, સુરક્ષા અને જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે પગલાં લેવા માટે અને પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઇ જાહેર જનતાના હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ફરમાવું છું કે, તા.૧૫/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૦૧/૨૦૨૧ દરમ્યાન રાત્રિના કલાક ૨૨/૦૦ થી સવારના કલાક ૦૬/૦૦ સુધી સુરત શહેર કમિશ્નરેટ વિસ્તારના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નીકળવું નહિ, તેમજ કોઇપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહીં અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું ફરવું નહીં.**

**-:વિસ્તાર:-**

**સુરત શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.**

**-:અપવાદ :-**

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યકિતઓ/સંસ્થાઓને ઉપરોકત હુકમ પાલનમાંથી મુકિત આપવામાં આવે છે.

1. જાહેર ઉપયોગિતા જેવી કે, પેટ્રોલિયમ સી.એન.જી., એલ.પી.જી., પી.એન.જી., પાણી, સ્વચ્છતા સહિતની સેવાઓ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલિ કોમ્યુનિકેશન સર્વિસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભિક ચેતવણી એજન્સી.
2. પોલીસ, હોમગાર્ડ, સીવીલ ડીફેન્સ, ફાયર એન્ડ ઇમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સરંક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, જેલો અને મ્યુનિસિપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.
3. જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ તથા ઇ-કોમર્સ ધ્વારા, ફાર્માસ્યુટીકલ હોમ ડિલવરી.

4. દૂધ વિતરણ
5. ઇલેક્ટ્રોનિક મિડીયા અને પ્રિન્ટ મિડીયા.( માહિતી ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત)
6. ખાનગી સિકયુરીટી સેવાઓ.
7. આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે.
8. અંતિમ સંસ્કારના કિસ્સામાં વીસ જેટલા વ્યકિતઓ ભેગા થઇ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.
9. રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરફેર માટેની પ્રવૃત્તિઓ.
10. રેલ્વે અને હવાઇમાર્ગ અવર-જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટિકિટ રજુ કર્યેથી મંજૂરી માટે ટેકસી તથા રેડિયો કેબ સેવાઓ ચાલુ રહેશે.
11. બહારગામથી લાંબી મુસાફરી કરી સુરત શહેર માં આવતા મુસાફરોએ પોતાની પાસે રહેલ ટોલટેક્ષ રીસીપ્ટ તથા અન્ય પુરાવા રજૂ કરવાના રહેશે.
12. ATM બેન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.
13. તમામ પ્રકારના માલસામાનનું પરિવહન.
14. NIC Scientist-B, CGL Tier-3, CSIR NET Exam, CA, SSC વિગેરે અન્ય માન્ય પરીક્ષાઓ આપવા જતા પરીક્ષાર્થીઓને માન્ય પ્રવેશપત્ર/ ઓળખપત્રના આધારે લેવા તથા મુકવા જવા માટેની મંજૂરી.
15. ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતોવખતના સુધારા આદેશોને આધીન અપવાદો.
16. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરનાઓ તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યકિતઓ.
17. ઉપરોકત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઇઝેશન વિગેરે સંબંધમાં COVOD-19 ની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૫/૦૧/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>પ્રતિ,</u>

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨ સુરત શહેર.

(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.

(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી  સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટેં.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)